(૧૦)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોનું માગધી લખીને કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૪)**

| | માગધી | પાઠ |
|---|---|---|
| ૧. નિવર્તું છું | **વેરમણં** | **એક થી છ વ્રત, આઠમું–નવમું વ્રત,** |
| ૨. રજોહરણ–ગુચ્છાથી | **પાયપુચ્છણેણં** | **બારમું વ્રત** |
| ૩. તાપ લાગે | **ઉણ્હં** | **સંથારો** |
| ૪. કોઈ | **કેઈ** | **૫ મું શ્રમણસૂત્ર** |

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. અતિચાર અને અણાચાર એટલે શું?

**જ. અતિચાર – વ્રતભંગ માટે તૈયાર થવું/અંશે વ્રત તૂટે તેવા દોષોનું સેવન કરવું. અણાચાર – વ્રતની મર્યાદા તોડીને સર્વથા વ્રત ભંગ કરવો.**

૨. છટ્ઠા વ્રત અને દશમા વ્રતમાં શું ફરક છે?

**જ. છઠ્ઠા વ્રતમાં દિશાની મર્યાદના જાવજ્જીવના પચ્ચક્ખાણ કરવામાં આવે છે. દશમા વ્રતમાં એક દિવસ અને એક રાત્રિ માટે દિશા અને ભોગ – ઉપભોગની મર્યાદા કરવામાં આવે છે.**

૩. ઉવભોગ અને પરિભોગ એટલે શું?

**જ. ઉવભોગ – જે પદાર્થ ફક્ત એક જ વખત વાપરી શકાય. દા.ત. અનાજ, પાણી વગેપરિભોગ – જે વારંવાર વાપરી શકાય તેવા પદાર્થ. દા.ત. વસ્ત્ર, આભૂષણ, શય્યા વગેરે.**

(૭૫)

**પ્ર.૨ (ક) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૨૦)**

૧. સે વીરિએણં ...... **પાના નં. ૮૪ ગાથા ૯**
૨. કહં ચ ...... **પાના નં. ૮૧ ગાથા ૨**
૩. ગિરીવરે ...... **પાના નં. ૮૭ ગાથા ૧૫**
૪. સે વારિયા ....... **પાના નં. ૯૨ ગાથા ૨૮**
૫. થણિયં ચ ...... **પાના નં. ૮૯ ગાથા ૧૯**

**(આ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૪)**

૧. મજ્ઝંમિ – **મધ્યભાગમાં** ૨. અણુત્તરે – **પ્રધાન** ૩. ખોઓદએ – **ઈક્ષુરસ** ૪. ધુણઈ – **ક્ષય કર્યા છે**
૫. માહુ – **કહ્યો છે** ૬. ધીરે – **ધીરજવાળા** ૭. સમિયં – **સમ્યક્** ૮. હેટ્ઠં – **અંદર–હેઠળ**

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. ભગવાન કયું ધ્યાન ધરતા હતા તે લખી તે શબ્દ જે ગાથામાં આવતો હોય તે ગાથા લખો. **(૨)**

**જ. શુક્લ ધ્યાન. પાના નં. ૮૭ ગાથા ૧૬ માત્ર ગાથા લખવાની છે. અર્થ–ભાવાર્થ નહિ.**

| | **જવાબ** **(૧×૪)** |
|---|---|
| ૨. ભગવાન કોના જેવા તેજસ્વી હતા? બળમાં કેવા હતા? | **શક્રેન્દ્ર/પ્રતિપૂર્ણ બળવાન** |
| ૩. લાંબા પર્વતોમાં શું શ્રેષ્ઠ છે? દેવો કયા સ્થાનમાં જઈને ક્રીડા કરે છે? | **નિષધ/નંદનવન** |
| ૪. મેરૂપર્વત શા માટે દુર્ગમ છે? તેમાં કેટલા કાંડ છે? | **મેખલા આદિ ઉપપર્વતોને કારણે/૩** |
| ૫. ભગવાનના ચક્ષુ ક્યાં સ્થિર હતા? ભગવાન શેમાં સ્થિત હતા? | **મોક્ષમાર્ગ પર/આત્મસ્વરૂપમાં** |

**(ખ) કાયસ્થિતિના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(અ) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો.** **(૧૦)**

**જ.**

| **બોલનું નામ** | **જઘન્ય સ્થિતિ** | **ઉત્કૃષ્ટ સ્થિતિ** |
|---|---|---|
| ૧. વિભંગજ્ઞાન | **૧ સમય** | **૩૩ સાગર ને દેશે ઊણું પૂર્વક્રોડ અધિક** |

| | | |
|---|---|---|
| ૨. ભાષક | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૩. અકષાયી<br>સાદિ સાંત | –<br>૧ સમય | સાદિ અનંત, સાદિ સાંત<br>અંતર્મુહૂર્ત |
| ૪. અણાહારી છદ્મસ્થ | ૧ સમય | ૩ સમય |
| ૫. વનસ્પતિકાય અપર્યાપ્તા | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| ૬. લોભકષાય | ૧ સમય | અંતર્મુહૂર્ત |
| ૭. અનિન્દ્રિય | – | સાદિ અનંત |
| ૮. વેદક સમકિત | ૧ સમય | ૬૬ સાગર અધિક |
| ૯. સંસાર અપરિત્ત | – | અનાદિ અનંત, અનાદિ સાંત |
| ૧૦. સમુચ્ચય બાદર પર્યાપ્તા | અંતર્મુહૂર્ત | પ્રત્યેક સો સાગર સાધિક |

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. કાયસ્થિતિ અને વનસ્પતિકાળ એટલે શું? કોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ એક જ છે? શા માટે? (૫)

જ. કાયસ્થિતિ – **પૃથ્વીકાય આદિ એક કાયનો જીવ તે જ કાયમાં વારંવાર જન્મ–મરણ કરતો રહે અને બીજી કાયમાં ન ઉપજે ત્યાં સુધીની સ્થિતિ.** વનસ્પતિકાળ – **દ્રવ્યથી અનંત ઉત્સર્પિણી–અવસર્પિણી, ક્ષેત્રથી–અનંતા લોક, કાળથી અનંતોકાળ, ભાવથી અસંખ્યાત પુદ્‌ગલ પરાવર્તન. તે આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા અસંખ્યાતા સમય જાય તેટલા પુદ્‌ગલ પરાવર્તન.**

**દેવ અને નારકીના જીવોની કારણ કે એકવાર દેવ અને નારકીમાંથી નીકળેલ જીવ અનંતર એટલે કે આગલા જ ભવમાં ફરી દેવ અને નારકીમાં ઉત્પન્ન થતો નથી.**

૨. કાયયોગની જઘન્ય સ્થિતિ કેટલી છે? શા માટે? (૨×૫)

**જ. અંતર્મુહૂર્ત. કોઈપણ જીવ કાળ કરીને જાય એટલે વાટે વહેતામાં કાર્મણ કાયયોગી થઈ જાય છે તેથી.**

૩. ઉત્કૃષ્ટ બાદરકાળ જેની સ્થિતિ હોય તેવા બોલ કેટલા છે? ક્યા ક્યા?

**જ. સમુચ્ચય બાદર, બાદર વનસ્પતિ, આહારક છદ્મસ્થ, બાદર.**

૪. ક્યાં જીવોની લેશ્યા નિયમા બદલાય? લેશ્યાની જઘન્ય સ્થિતિ કેટલી?શા માટે? અંતર્મુહૂર્તના ભેદ કેટલા?

**જ. મનુષ્ય અને તિર્યંચમાં. અંતર્મુહૂર્ત કારણ કે નિયમા દરેક અંતર્મુહૂર્તે લેશ્યા બદલાય છે. અસંખ્યાતા.**

૫. સંયતાસંયતની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની અને સંયતની જઘન્ય સ્થિતિ એક સમયની શા માટે?

**જ. સંયતાસંયતને વ્રતો બે કરણ, ૩ યોગ વગેરે અનેક ભાંગાથી અંગીકાર કરવામાં અંતર્મુહૂર્તનો સમય લાગી જાય છે માટે. સંયતિને ભાવરૂપે છે માટે તેની પ્રાપ્તિનો ઉપયોગ એક સમયનો પણ હોય શકે છે અથવા એક સમયમાં કાળ કરે તો પરિણામની અપેક્ષાએ સ્થિતિ ૧ સમયની છે.**

૬. સાદિ સાંત અને સાદિ અનંતવાળા અકષાયી જીવ ક્યા? તેમાં સાદિ સાંતની સ્થિતિ કેટલી?

**જ. સાદિ સાંત અકષાયી ઉપશમ શ્રેણીવાળા, સાદિ અનંત અકષાયી ક્ષપક શ્રેણીવાળા. સાદિ સાંતની સ્થિતિ જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.**

**(ઈ) જોડકા જોડો. (૫)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. પર્યાપ્તા પોપટ | ૧. અસંખ્યાતો કાળ | **૩. અંતર્મુહૂર્ત** |
| ૨. પુરુષ વેદ | ૨. અનંતકાળ | **૪. પ્રત્યેક સો સાગર સાધિક** |
| ૩. સમુચ્ચય નિગોદ | ૩. અંતર્મુહૂર્ત | **૨. અનંતકાળ** |
| ૪. બેઈન્દ્રિય | ૪. પ્રત્યેક સો સાગર સાધિક | **૫. સંખ્યાતો કાળ** |
| ૫. આહારક છદ્મસ્થ | ૫. સંખ્યાતો કાળ | **૧. અસંખ્યાતો કાળ** |

**(ગ) બાર તપના આધારે જવાબ લખો. (૧૫)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. અવકાલિક અણસણના કેટલા ભેદ? કયા કયા?

**જ. ત્રણ. પાદોપગમન પ્રત્યાખ્યાન, ભક્ત પ્રત્યાખ્યાન, ઈંગિત મરણ.**

૨. પ્રાયશ્ચિતના કેટલા ભેદ? તેમાંથી પહેલા ત્રણ ભેદ લખો.

**જ. ૧૦/૫૦. ૧) ગુરુ આદિ સમક્ષ પાપની આલોચના કરે. ૨) પાપ અથવા અશુભયોગથી પાછા ફરી મિચ્છામિ દુક્કડં કહી પ્રતિક્રમણ કરે. ૩) આલોચના અને પ્રતિક્રમણ બંને કરે.**

૩. વૈયાવચ્ચ એટલે શું? ધર્મકથાના ભેદના માત્ર નામ લખો.

**જ. આહાર, પાણી, ઔષધ આદિથી સેવા કરવી તે વૈયાવચ્ચ. ધર્મકથાના ભેદના નામ – આક્ષેપણી, વિક્ષેપણી, સંવેગણી, નિર્વેદણી.**

૪. દ્રવ્ય કાયોત્સર્ગના ભેદ લખો.

**જ. શરીરના મમત્વનો ત્યાગ કરે, સંપ્રદાયના મમત્વનો ત્યાગ કરે, વસ્ત્ર–પાત્ર આદિ ઉપકરણનું મમત્વ ત્યાગે, આહાર–પાણી આદિ પદાર્થોનું મમત્વ ત્યાગે.**

૫. ભક્તપાન ઉણોદરીના ભેદ કેટલા? ઉણોદરીથી શું લાભ થાય?

**જ. ૭ પ્રકાર. રસનેન્દ્રિય જીતાય, કામ જીતાય, નિરોગી થવાય.**

૬. લોકાપચાર વિનયનો ત્રીજો – ચોથો ભેદ લખો.

**જ. ૩) ગુરુ આદિ પાસે વિદ્યા પ્રાપ્ત કરવા અથવા જેની પાસેથી વિદ્યા લીધી છે તેની સેવા કરે. ૪) ઉપકાર યાદ કરીને ગુરુજનોની કૃતજ્ઞતાપૂર્વક સેવા કરે.**

**(આ) નીચેના કાર્યો કયા તપના છે? (૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. સૂત્ર અને અર્થનું ચિંતન કરવું | **સ્વાધ્યાય** | ૨. પલાંઠી વાળીને બેસવું | **કાયક્લેશ** |
| ૩. શ્રોત્રેન્દ્રિયમાં રાગ–દ્વેષ ન કરવો | **પ્રતિસંલીનતા** | ૪. થૂંકવું નહિ | **કાયક્લેશ** |
| ૫. સાદો આહાર લેવો | **વૃત્તિસંક્ષેપ** | ૬. હલકા પ્રકારના ચણાનો આહાર કરે | **રસપરિત્યાગ** |

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કેશી સ્વામી અને ગૌતમ સ્વામીની ચર્ચા સાંભળવા કોણ કોણ આવ્યું હતું? (૩)

**જ. અનેક મતાવલંબી પરિવ્રાજકો, કુતૂહલી લોકો, મૃગ જેવા અનેક અજ્ઞાનીઓ, હજારો ગૃહસ્થો, જ્યોતિષી અને વૈમાનિક દેવ, દાનવ (ભવનપતિ, ગંધર્વ), યક્ષ–રાક્ષસ–કિન્નર આદિ વાણવ્યંતર દેવો.**

૨. મન રૂપી ઘોડાને કેવી રીતે વશ કરવાનો છે? (૨×૬)

**જ. શ્રુતજ્ઞાન રૂપી લગામથી સમ્યક્ પ્રકારે વાંચના, પૃચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા, અનુપ્રેક્ષા રૂપ ધર્મશિક્ષાથી બાંધીને વશમાં કરવાનો છે.**

૩. ગૌતમ સ્વામી કયા ઉદ્યાનમાં કોની પાસે ગયા? તેમણે ગૌતમ સ્વામીને બેસવા માટે કેવું આસન આપ્યું?

**જ. તિંદુક નામના ઉદ્યાનમાં કેશીકુમાર શ્રમણ પાસે ગયા. પ્રાસુક અને નિર્દોષ પરાળ – શાલી, વ્રીહિક, કોદ્રવ, રાળ આ ચાર અને પાંચમું ડાભના તૃણનું આસન આપ્યું.**

૪. પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનના સાધુઓ કેવા હોય છે?

**જ. પહેલા તીર્થંકરના શાસનના સાધુઓ સરળ (ઋજુ) અને મંદ (જડ) અને છેલ્લા તીર્થંકરના શાસનના સાધુઓ વક્ર અને જડ હોય છે.**

૫. ગૌતમ સ્વામીને કેટલું જ્ઞાન હતું? તેઓ કઈ નગરીના કયા ઉદ્યાનમાં ઉતર્યા?

**જ. આચારાંગ સૂત્રથી ૧૧ અંગસૂત્રના જાણકાર, ૧૨ મા દષ્ટિવાદ સૂત્રના જ્ઞાતા, તત્ત્વજ્ઞાની હતા. શ્રાવસ્તી નગરીના કોષ્ઠક નામના ઉદ્યાનમાં.**

૬. શત્રુ કેટલા છે? તેમાંથી આપણો શત્રુ કોણ છે? પ્રતિસંલીનતા દ્વારા શું કરવાનું છે?

**જ. ૧૦. વશ ન કરેલો આપણો આત્મા. ઈન્દ્રિયોની અશુભ ક્રિયાને રોકવાની છે.**

૭. કુપ્રવચનને માનનારા તેમ જ જિનેન્દ્ર ભગવાનનો માર્ગ કેવો છે?

**જ. કુપ્રવચનને માનનારા જે પાસંડી લોકો છે તે સર્વે જીવો ધર્મ વિરુદ્ધ આચરણ કરીને, ઉન્માર્ગે ચાલીને દુર્ગતિમાં રખડે છે તેમ જ જિનેન્દ્ર ભગવાનનો માર્ગ સન્માર્ગ છે, તે માર્ગ કેવળીઓનો છે, અનેકાંતથી પરિપૂર્ણ છે અને તે માર્ગે જનારા પૂર્ણતાને પ્રાપ્ત કરે છે.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. સંપૂર્ણ ........ **પાના નં. ૧૩૦ ગાથા ૧૪**

૨. કિં શર્વરીષુ ......... **પાના નં. ૧૩૩ ગાથા ૧૯**

૩. મન્યે વરં ........ **પાના નં. ૧૩૪ ગાથા ૨૧**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૩)**

૧. ચંદ્રના મંડળને કેવું કીધું છે?

**જ. કલંકથી મલિન થયેલું તથા જીર્ણ થયેલા પાંદડાની જેમ ફિક્કું પડી ગયેલું.**

૨. ભગવાનને વિદિતયોગ અને અનંગકેતુ શા માટે કીધા છે?

**જ. વિદિતયોગ – મોક્ષમાર્ગના સંપૂર્ણ જ્ઞાતા અને અનંગકેતુ – વિકારનો નાશ કરવામાં કેતુ ગ્રહ સમાન.**

૩. પૂર્વ દિશા કોને જન્મ આપે છે?

**જ. પ્રકાશમાન કિરણના સમૂહથી યુક્ત એવા સૂર્યને જન્મ આપે છે.**